શ્રીકૃષ્ણને જોઈ દ્રૌપદી દોડી એમને વળગી પડે છે. ધ્રુસકે ધ્રુસકે રડવાનું અટકતું નથી. ભગવાન પણ એને પ્રેમથી પસવારતા રહે છે અને રડવા દે છે. થોડી શાંત થયા પછી શ્રીકૃષ્ણ દ્રૌપદીને પલંગ તરફ લઈ જઈ, પોતાની બાજુમાં બેસાડી પસવારતા રહે છે.

દ્રૌપદી શ્રીકૃષ્ણ તરફ ભીની આંખો માંડી પૂછે છે :

- સખા! આ બધું શું બની ગયું ? આવું તો મેં કદી વિચાર્યું નહોતું?

- પાંચાલી, નિયતિ ઘણી ક્રૂર હોઈ શકે છે ! એ આપણા ધાર્યા પ્રમાણે હમેશાં નથી ચાલતી! એ આપણાં કર્મોને અણધાર્યાં પરિણામોમાં બદલી નાખે છે. તું બદલો લેવા માગતી હતી, અને હવે તું સફળ થઈ છે! માત્ર દુર્યોધન અને દુ:શાસન નહિ, પણ બધા જ કૌરવો, બધા મહારથીઓ સુદ્ધાં, હોમાઈ ગયા છે! તારે તો પ્રસન્નતા અનુભવવી જોઈએ !

- સખા! તમે મારા ઘાને ઠંડા પાડશો કે એમની ઉપર મીઠું ભભરાવશો ?

- નહિ દ્રૌપદી, હું તમને નિયતિનું, વાસ્તવિકતાનું સત્ય સમજાવવા આવ્યો છું. આપણાં કર્મોનાં પરિણામ આપણે એમના અંત સુધી નથી જોઈ શકતા, અને જ્યારે તે પરિણામ આપણી સામે આવે છે ત્યારે આપણા કાબુમાં કશું જ નથી હોતું!

- તો શું આ યુદ્ધના પરિણામ માટે હું જ સંપૂર્ણપણે જવાબદાર છું ?

- તમારી જાતને આટલું બધું મહત્ત્વ ન આપો ! તમે જો તમારા શબ્દો બોલતી વખતે થોડીક અગમબુદ્ધિ રાખી હોત તો તમે પોતે આટલું બધું કષ્ટ પામ્યાં ન હોત !

- કૃષ્ણ, હું શું કરી શકી હોત ?

- જ્યારે તમારા આલેશાન મહેલમાં દુર્યોધન લપસી પડ્યો ત્યારે તમે એનું અપમાન ન કર્યું હોત, તો આજે પરિણામ જુદાં હોત !

તમારા સ્વયંવરનો પ્રસંગ હતો તે વખતે કર્ણનું અપમાન કરવાને બદલે એને સ્પર્ધામાં ભાગ લેવાની એક તક આપી હોત, તો આજે પરિણામ જુદાં હોત!

અને જ્યારે કુંતીએ તમને પાંચ પતિઓની પત્ની બનવાનું કહ્યું, તે વખતે એમની આજ્ઞાનો સ્વીકાર ન કર્યો હોત તો આજે પરિણામ જુદાં હોત!

દ્રૌપદી, આપણે જે શબ્દો બોલીએ છીએ, તેમને આપણાં કર્મ જ સમજવાનાં છે. બોલતાં પહેલાં દરેક શબ્દ ખૂબ વિચારીને બોલવો, કારણ એનું વિપરીત પરિણામ ખતરનાક હોઈ શકે છે !

શબ્દો બોલો ત્યારે સભાન બની એવા શબ્દો બોલો જે કોઈને દુ:ખી ન કરે, પણ એવા શબ્દો બોલો જે એની ભાવનાને પુષ્ટિ આપે.

**[હિન્દી વાર્તાનું તંત્રી દ્વારા પુનર્લેખન.]**


**From:Dakshina Karyalaya, Sri Aurobindo Ashram, Pondicherry-2. ✆ 0413-2331470**
રવાના: દક્ષિણા કાર્યાલય, શ્રી અરવિન્દ આશ્રમ, પોંડિચેરી-✆ ૦૪૧૩-૨૩૩૧૪૭૦ • **March 2019**
**https://themothersprosperity.org**

# Prosperity

શ્રી માતાજીની
સિદ્ધિ-રિદ્ધિ

**2019**
MARCH
૧ માર્ચ, ૨૦૧૯

**Life's Realisation** || **Words are Actions**
**જીવનની સિદ્ધિ** || **શબ્દો કર્મ છે**



**Life is meant for seeking the Divine,**
**Life is realised when finding the Divine.**

[ February 1971: The Mother gave this special message for Prosperity ]

**જીવન છે પ્રભુને શોધવા માટે,**
**જીવનની સિદ્ધિ બને છે પ્રભુ મળે છે ત્યારે.**

[ ફેબ્રુઆરી ૧૯૭૧: સિદ્ધિ-રિદ્ધિ માટે શ્રી માતાજીએ આપેલો ખાસ સંદેશ ]
- શ્રી માતાજી

## Words are Actions

**After eighteen days** of intense fighting, the Mahabharata war was over. It left Draupadi looking eighty years older – mentally and physically.

Her eys surrounded by dark circles, had sunk deep, her face had become thin and dark.

She sat forlorn in her huge palace, unseeingly gazing out onto the deserted land.

Far away, mounds of dead bodies were seen unattended, as there was no one to take them for burning. A few widows moved listlessly and orphans in groups of twos or threes roamed aimlessly.

A dead silence pervaded the entire palace and the land.

*

**At that moment** Sri Krishna walked into the huge hall and saw Draupadi sitting silent and lost in herself.

Seeing Lord Sri Krishna, Draupadi ran to him and clasping him tightly sobbed inconsolably. The Lord lovingly kept caressing her and let her weep. After a time, loosening her tight clasp, Sri Krishna gently led her to the big royal bed and made her sit near him.

Draupadi, recovered and self-composed in silence, timidly asked:

- Lord, what is all this that has happened beyond all thinking? I never expected such a terrible disaster!

- Draupadi, Fate does not act as per our thinking! You wanted revenge! and here is the result! Not only Duryodhan and Dusshasan and the other Kauravas have been slain, but also the other great fighters too have perished! you should be satisfied and happy now!

- Lord! are you going to heal my wounds or sprinkle salt and make them more painful?

- Draupadi, my dear ! I have come to make you understand the Truth of Fate, the Truth of Destiny. When we speak, each word of ours, becomes at that moment itself, an action of ours. And we cannot see the end result of that action. When that final result comes and stands facing us, we can do nothing to change it, it is irreversible.

- Am I then solely responsible for this unthinkable massacre?

- Draupadi, do not give so much importance to yourself! If you had been more thoughtful when you uttered your words, this diastrous war might not have come about!

- Krishna, what wrong did I do ?

- When in your palatial mansion, Duryodhan slipped and fell, if you had not laughed and mocked him, today's results may have been different!

When in your Swayamvar, Karna got up and started moving forward, you stopped him and insulted him! But if you had been generous and givem him a chance to prove himself, to day's results may have been different!

When Mother Kunti asked you to accept all five brothers as your husands, if you had refused it then, today's results may have been different!

Remember Draupadi ! every word uttered by us is like an action by us. Think before speaking, else the result can be disastrous.

Become conscious and use words that make a person happy, use words that help him grow.

**[Free write up of a Hindi story by the Editor]**

## શબ્દો કર્મ છે

**મહાભારતના અઢાર દિવસના યુદ્ધે** દ્રૌપદીને એંશી વર્ષની બનાવી દીધી હતી – શરીરથી પણ અને મનથી પણ !

આંખો ઊંડી ઊતરી ગઈ હતી, આંખોની આસપાસ કાળાં કુંડાળાં દેખાતાં હતાં અને ચહેરો આખો કાળો પડી ગયો હતો. કંઈજ વિચારવાની, કંઈજ સમજવાની ક્ષમતા રહી ન હતી !

દૂરદૂર ચારે બાજુ લાશોના ઢગલા દેખાતા હતા કારણ અગ્નિસંસ્કાર કરવા કોઈ હતું નહિ – ન કંઈ સાધન દેખાતું હતું ! ક્યારેક શક્તિહીન વિધવા સ્ત્રીઓ પોતાના કામ માટે ધીમી ચાલે આવતી જતી દેખાતી. અનાથ બાળકો એકલ દોકલ રખડતાં હતાં. આવા ઉજ્જડ હસ્તિનાપુરના રાજમહેલમાં મહારાણી દ્રૌપદી એકલાં બેઠાં છે, એમની નિસ્તેજ આંખો શૂન્યમાં તાકી રહી છે.

*

આવા સમયે શ્રીકૃષ્ણ નિર્જન ખંડમાં પ્રવેશ કરે છે.